RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર


ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન
(ગુજરાતી માસિક)

## VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૩★વર્ષ-૭૬★માસઃ ફાગણ-ચૈત્ર★સંવત-૨૦૮૧★તા. ૦૫-૦૩-૨૦૨૫
વાર્ષિક લવાજમ રૂા.૫૦ ★ છુટક નકલ રૂા. ૫=૦૦
સંપાદક : કીર્તન દીક્ષિત તંત્રી : જયપ્રકાશ શુકલ



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

## આપણી જ્ઞાતિના ગૌરવ સમાન જ્ઞાતિરત્નશ્રી
## ડો. ઉત્પલ શશીકાંત જોશીના જાહેર સન્માન સમારંભની લાક્ષણિક તસ્વીરો











## સ્વ. ઘનશ્યામભાઈ માણેકલાલ મહેતા ના સ્મરણાર્થે
આ અંકના પ્રાયોજક - સ્પોન્સરર
## કોકિલાબેન ઘનશ્યામભાઈ મહેતા
## તથા સમગ્ર મહેતા પરિવાર.

## તંત્રી સ્થાનેથી ...

આગામી સમયમાં આવનારી બોર્ડની પરીક્ષા તેમજ વાર્ષિક પરીક્ષાઓ માટે જ્ઞાતિના તમામ બાળકોને મહામંડળ વતી હાર્દિક શુભેચ્છા. તાજેતરમાં જ્ઞાતિરત્ન એવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. ઉત્પલ જોશીનો જાહેર સન્માન સમારંભ અમદાવાદ ખાતે યોજાયો. તેમાં તેઓશ્રીએ ભણતર ઉપર ખૂબ ભાર મૂકતા કહ્યું હતું કે ખૂબ મહેનત કરીને અભ્યાસમાં હંમેશા અગ્રેસર રહેનારને કારકિર્દીમાં કોઈ તકલીફ પડતી નથી હોતી, અનામતના સમયમાં પણ જે અથાગ મહેનત અને સ્વાધ્યાયપૂર્વક સર્વોચ્ચ સ્થાને રહે તેઓને ઉજ્જવળ કારકિર્દીની તકો હંમેશા મળી જ રહે છે, માટે ખૂબ મહેનત કરો. આજે ઘણા બધા નવતર અભ્યાસક્રમોના સમયમાં સતત અપડેટ રહીને દેખાદેખીથી નહીં પરંતુ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમની પસંદગી કરવી તે ખૂબ જરૂરી છે. ઘણા વાલીઓને પોતાના બાળકોને આગળ કયા અભ્યાસક્રમમાં મૂકવા તે પ્રશ્ન ખૂબ મૂંઝવતો હોય છે. જેમાં વિદ્યાર્થીના એપ્ટિટ્યુડ ટેસ્ટ એ પણ એક સારો વિકલ્પ છે. જેના દ્વારા બાળકના બોદ્ધિક સ્તર અને અંગત પસંદગીને મનોવૈજ્ઞાનિક રીતે મૂલવીને આગળ કયા ક્ષેત્રમાં જવું તે માટેનું માર્ગદર્શન મળતું હોય છે. સખત મહેનત અને સજાગપણે જમાના સાથે તાલ મિલાવ્યા વગર કોઈ ઉદ્ધાર થવાનો નથી. કેળવણી ક્ષેત્રે આપણા વડવાઓએ ખૂબ દૂરંદેશી વાપરી અને ખૂબ સારા ટ્રસ્ટ, મંડળ તેમજ છાત્રાલય જેવા આયોજનો આપણા બાળકો માટે કર્યા છે. આ અમૂલ્ય વારસાનું સંવર્ધન કરવામાં કે તેમાં આગળ પ્રગતિ કરવામાં આપણે ક્યાંક ઊણા ઉતર્યા છીએ. તેમાં આપણી આળસ મુખ્યત્વે દેખાઈ આવે છે. તેમ છતાં ગત વર્ષે સહતંત્રી શ્રી મિતેશભાઈ અધ્વર્યુના આગ્રહથી પ્રમુખશ્રી રશ્મિકાંત આચાર્યની અપીલ બાદ કેળવણી ક્ષેત્રે સારી એવી રકમ આપણે એકત્રિત કરી શક્યા છીએ. પરંતુ માત્ર તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી સંતોષ માનવા જેવો નથી. છેક છેવાડાના વિદ્યાર્થીને ભણતર તેમજ કારકિર્દીલક્ષી માર્ગદર્શન મળી રહે તેમજ આર્થિક અગવડના કારણે કોઈ તેજસ્વી વિદ્યાર્થી આગળ ન ભણી શકે તેવું ન બને તે ખાસ જોવું રહ્યું. આ માટે સહુ કટિબદ્ધ થઈએ અને જ્યાં જરૂર પડે ત્યાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. ઉત્પલ જોશી, ઈસરોના શ્રી ડૉ. રાજેશભાઈ ઉપાધ્યાય તેમજ શ્રેયાર્થ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. જયરાજ પંડ્યા જેવા આપણી જ્ઞાતિના તજજ્ઞોનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને મળી રહે તેવા સુંદર આયોજન કરીએ તથા કેળવણીના ક્ષેત્રમાં આપણા બાળકો સદા અગ્રેસર બને તેવા પ્રયત્નો કરીએ. પરીક્ષાના માહોલના કારણે છેલ્લા બે અંકથી કિડ્સ કોર્નરની કોલમ છાપી નથી, પરંતુ વેકેશનના સમયમાં વાલમ બાળકોના સર્વાંગી વિકાસ સાથે એકમેકની નજીક આવે તેવા કાર્યક્રમોના આયોજન થકી કિડસ કોર્નર પણ પુનઃ શરૂ કરીશું. વાલમ વર્તમાન ન મળવા, સરનામા ફેરફાર ઉપરાંત પ્રિન્ટીંગ મિસ્ટેકની ફરિયાદો પણ મળે છે. આ માટે બને તેટલું ચીવટપૂર્વક કામ કરવા પ્રયત્નો કરીશું, તેમ છતાં કોઈ ક્ષતિ રહી જાય તો અમને માફ કરશો. આપણા સહુના સહિયારા પ્રયાસો થકી જ વાલમ વર્તમાન તેમજ વાલમ જ્ઞાતિને સમૃદ્ધ બનાવી શકીશું.

**વાંચતા રહો.. આપણું વાલમ વર્તમાન આપણા સહુના માટે !!!**

-: પ્રમુખ :-
રશ્મીકાંત આચાર્ય
મો. ૯૭૨૬૪૭૫૮૮૪
-: ઉપપ્રમુખ :-
જયપ્રકાશ શુકલ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
-: મંત્રી :-
દિલીપભાઈ દીક્ષિત
મો. ૯૧૦૬૩૧૫૪૬૯
-: તંત્રી :-
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
-: ખજાનચી :-
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
-: સહતંત્રીઓ :-
મિતેશભાઈ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
કૌશલ પુરોહિત
મો. ૯૭૨૫૭૬૮૭૮૯
જયેશ પંડ્યા
મો. ૯૭૩૭૨૫૫૭૭૭
સુશીલભાઈ વ્યાસ
મો. ૯૯૭૯૭૫૮૭૦૨
-: કન્વીનર મંદિર કમિટી :-
મહેશભાઈ દીક્ષિત
મો. ૯૯૯૮૪૮૫૯૩૯
: કન્વીનર છાત્રાલય કમિટી :
ભદ્રેશભાઈ પુરોહિત
મો. ૯૮૭૯૨૫૯૦૫૫
: વ્યવસ્થાપક છાત્રાલય :
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
:કન્વીનર શિક્ષણ કમિટીઃ
નિલેશભાઈ શુકલ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
:કન્વીનર વેબસાઈટ કમિટીઃ
અપૂર્વ પંડ્યા
મો. ૯૭૨૭૭૧૯૬૪૩
-: ટ્રસ્ટી મંડળ :-
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોષી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેષભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોષી
૯૪૨૬૩૬૭૦૧૯

# સ્વ. શ્રી ઘનશ્યામભાઈ માણેકલાલ મહેતા



સ્વ. શ્રી ઘનશ્યામભાઈ માણેકલાલ મહેતા, મૂળ વતન ધંધુકાના બિરલા હાઈસ્કૂલમાં પ્રારંભિક ભણતર, ત્યારબાદ અમદાવાદમાં ઠેંગાવાડા તેમજ પિનાકીન સોસાયટીમાં રહી એન્જીનીયર થયા. તેઓ વાલમ બ્રાહ્મણ મહામંડળમાં તેમજ યુવક મંડળમાં વિવિધ હોદ્દાઓ પર સક્રિય રહ્યા. વાલમ વર્તમાનમાં સરનામા લખવાથી માંડીને પોસ્ટ કરવા સુધીની સેવાઓ તેઓએ આપેલ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આસીસ્ટન્ટ ટીડીઓ તરીકે લગભગ ૪૦ વર્ષ સુધીની ફરજ બજાવેલ.

તેઓના મોટાભાઈ મહામંડળના પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી ચિમનલાલ મહેતા, બહેન સ્વ. શ્રી વાસંતીબેન, તથા સ્વ. શ્રી કોકીલાબેનની સાથે સમગ્ર પરિવાર જ્ઞાતિસેવામાં અગ્રેસર રહેલ. તેઓ શ્રી ભદ્રકાળી માતાજી, શ્રી વાઘેશ્વરી માતાજી, શ્રી ઘનશ્યામ મહારાજ તેમજ શ્રી સાંઈબાબાના અનન્ય ભક્ત હતા. તથા તેઓ અવારનવાર દર્શનાર્થે અચૂક જતા. જુના ફિલ્મી ગીતો તથા મિત્રો સાથે ભેગા મળી મહેફીલ જમાવવાના તેઓ ખૂબ શોખીન હતા. અંતાક્ષરીમાં તેઓને કોઈ હરાવી શકતું નહીં. તેઓના ધર્મપત્ની કોકીલાબેનને નોકરી ક્ષેત્રે તેમજ સંગીત ક્ષેત્રે પ્રગતિ કરવા માટે તેઓ ખૂબ પ્રોત્સાહિત કરતા.

તેઓશ્રીના પરિવારમાં અલકા, સુરભી, પારૂલ, સ્વ. રાજીવ તેમજ ચિરાગ તથા સર્વે પરિવારજનોને તેઓશ્રીની ખોટ સાલે છે. તદ્ઉપરાંત મહેતા પરિવારના સ્વ. શ્રી સુરેન્દ્રભાઈ, સ્વ. શ્રી અરવિંદભાઈ અને તેમના પરિવાર માટે તેઓને ખૂબ લાગણી હતી. સ્વ. શ્રી મુકુંદભાઈ ભટ્ટ તેમના સ્નેહી મિત્ર હતા. પિનાકીન સોસાયટી, સાબર ફલેટ, શિવાંગી ફલેટ તેમજ અમેરીકા મુકામે રહીને ૮૭ વર્ષની ઉંમરે દેવ પ્રસ્થાન કરેલ. તેઓશ્રીની હાજરી શ્રીમતી કોકીલાબેન અને સર્વે પરિવારજનોના દિલ દિમાગમાં આત્મસાત થયેલ છે.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.
શ્રી કોકીલાબેન મહેતા,
અલકા - અજય આચાર્ય, પારૂલ - હિતેશ દેસાઈ, સ્વ.રાજીવ-પ્રિતી,
સુરભી - હરીશ ભટ્ટ, ચિરાગ - નિધી
સર્વે બાળકો
તેમજ સમગ્ર મહેતા પરિવાર તથા આચાર્ય પરિવાર.....
ૐ શાંતિ....

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## ફાગણ સુદ પૂનમ



# સ્વ. હિરલ અર્કાંગ અધ્વર્યુ

**અવસાન તારીખ ૨૫/૩/૨૦૨૪**

**રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તારી,**
**નાની ઉંમરે તારી અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ,**
**મન હજુ માનતું નથી કે તું અમારી વચ્ચે નથી.**

આપનો પરિવાર
યોગેન્દ્રકુમાર વી. અધ્વર્યુ (સસરા) - માયાબેન વાય. અધ્વર્યુ (સાસુ)
અર્કાંગ વાય. અધ્વર્યુ (પતિ)
શિવાંશ એ. અધ્વર્યુ (પુત્ર) - દ્વિતી એ. અધ્વર્યુ (પુત્રી)
યશ વી. જોષી (નણદોઈ), હેતલ વાય. જોશી (નણંદ)
ધવલ એચ. મહેતા (નણદોઈ) - અર્કિતા ડી. મહેતા (નણંદ)

# જ્ઞાતિ સમાચાર

**યજ્ઞોપવિત સંસ્કાર :** સોજીત્રા નિવાસી શ્રી મિહિર હરિષકુમાર રમણલાલ પંડ્યાના પુત્ર ચિ.નંદિશને તા.૭/૨/૨૫ શુકવારના રોજ યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવેલ છે.

**ગૃહ પ્રવેશ :** કુળદેવી માતાની કૃપાથી શ્રી બાલકૃષ્ણ મણિશંકર ઉપાધ્યાયે સહ પરિવાર નવા મકાન - એ/૧૦૪, ઓશીયન કોલીના ફ્લેટ, અર્જુન ગ્રીન્સ પાસે, આસ્થા ફ્લેટની બાજુમાં, નીલકંઠ મહાદેવ પાછળ, વરદાન ટાવર પાસે, રત્નાપાર્ક, નારણપુરા, અમદાવાદ-૧ ૩ માં ગૃહપ્રવેશ કરેલ છે.

## જ્ઞાતિનું ગૌરવ



આપણી જ્ઞાતિના રાજકોટ નિવાસી ડૉ. દક્ષેશ મહેશ્વરભાઈ પંડ્યા તથા નેહાબેનના સુપુત્ર ચિ. ડૉ.તપન દક્ષેશ પંડ્યા (હાલ અભ્યાસ માસ્ટર્સ ઈન ડેન્ટલ સર્જરી, ઈમ્પ્લાન્ટ સર્જરી, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર) દ્વારા ગુજરાત સરકાર દ્વારા દરેક યુનિવર્સિટી / કોલેજની અલગ અલગ ફેકલ્ટીઝના વિદ્યાર્થીઓ તરફથી નવીન પ્રોજેક્ટ માટે રીસર્ચ પ્રપોઝલ મંગાવવામા આવે છે. જેમાં હજારોની સંખ્યામાં પ્રપોઝલ એકત્રિત થાય છે. તેના પ્રેઝન્ટેશન અને સ્ક્રીનીંગમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ, એમએસએમી ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ પાર્ટનર વગેરે સામેલ હોય છે તથા માત્ર થોડી જ પ્રપોઝલ પસંદ થાય છે. આ માટે ડો.તપન પંડ્યાના રીસર્ચ પ્રોજેક્ટને સર્વાનુમતે સિલેક્ટ કરીને તેની યુનિવર્સિટીને સરકારશ્રી તરફથી ૧૦ લાખ રુપિયાની ગ્રાન્ટ સર્જરી ટેકનિક ઈક્વિપમેન્ટના રીસર્ચ માટે એનાયત કરવામા આવેલ છે. ડો.તપન પંડયા આ પ્રકારના રીસર્ચ માટે સિલેક્ટ થયેલ તેની યુનિવર્સિટીનો અત્યાર સુધીનો સર્વપ્રથમ વિદ્યાર્થી છે. આ તકે યુનિવર્સિટીએ તેમનું સન્માન કરેલ છે. આ સિદ્ધિ માટે સમગ્ર પંડ્યા પરિવાર તથા વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ગૌરવની લાગણી અનુભવે છે તથા ડૉ.તપનને અભિનંદન સહ તેઓના ઉજ્જવળ ભવિષ્ય માટે માં વાઘેશ્વરી ને પ્રાર્થના.

**લગ્ન વિષયક**

ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક, કેનેડિયન સીટીઝન,
૨૯ વર્ષ / ૫' ૮" / ૬૮ કિ.ગ્રા., માસ્ટર ડીગ્રી,
કેનેડામાં સ્થાયી નોકરી કરતા યુવક માટે યોગ્ય યુવતીના
જન્મ તારીખ, જન્મ સમય અને જન્મ સ્થળ સહિતનો બાયોડેટા
વોટ્સએપ નં. +૯૧-૯૨૬૫૬૨૯૮૨૫ પર મોકલી આપવા વિનંતી.



**નવચેતન ઈન્ટરનેશનલ ઈવેન્ટ એરેન્જર**

લગ્નગીત, ગરબા, મહેંદી ગીત, મહેંદી ડિઝાઈન, સંગીત સંધ્યા, ફંડ રેઈઝ કાર્યક્રમ, માઠા પ્રસંગે ભજન સંધ્યા, કેરીઓકે ઉપર તેમજ લાઈવ એન્કર – ફીમેલ સીંગર / મેલ સીંગર તેમજ

**એક યાદ રફી કે બાદ - બંકીમ પાઠક : સંપર્ક : ૯૮૨૪૦ ૯૮૮૪૮, ૯૮૨૪૦ ૯૮૮૫૮**

જીવનના દરેક પ્રસંગને યાદગાર બનાવવા અમદાવાદ તથા ગુજરાતના કોઈપણ શહેર-ગામમાં કાર્યક્રમ માટે સંપર્ક કરો

## અભિનંદન સહ શુભેચ્છા...



મૂળ સોજીત્રા હાલ ધંધુકા ના સ્વ.મહેન્દ્રભાઈ ગિરધારીજી શુક્લ ના પૌત્ર શ્રી યજ્ઞેશભાઈ ભરતભાઈ શુક્લ ધંધુકા નગરપાલિકાની ચુંટણીમાં ભાજપની ટિકિટ પર ચૂંટાયેલ છે તે બદલ તેમને અભિનંદન સહ શુભકામના. આગળ પણ તેઓની કારકિર્દી યશસ્વી બને તેવી કુળદેવી માં વાઘેશ્વરી તથા સંત શ્રી પુનિત મહારાજને પ્રાર્થના. ઉલ્લેખનીય છે કે તેમના પિતા સ્વ. ભરતભાઈ શુક્લ પણ ધંધુકા નગરપાલિકામાં ચુંટાયા હતા.



## અભિનંદન

મુ.જોશીપુરા ગામના વતની, હાલ નિકોલ, અમદાવાદ ખાતે રહેતા શ્રી અલ્કેશભાઈ કનુભાઈ જોશી તથા દિનાબેન અલ્કેશભાઈ જોશીની પુત્રી ચિ.ક્રિષ્નાબેન જોશી કોમ્પ્યુટર એન્જિનિયર (BE) ડિગ્રીમાં ફર્સ્ટ ક્લાસ માર્ક્સ મેળવી પાસ થયેલ છે. ચિ. ક્રિષ્ના જોશી પોતાના ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ મેળવે એવી માતાજીને પ્રાર્થના સહ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવીએ છીએ.

## લગ્ન વધામણા - ।। कुर्यात सदा मंगलम् ।।

★ છલાળા નિવાસી શ્રી નિલેષભાઈ રવિશંકર મહેતા તથા રીટાબેન નિલેષભાઈના સુપુત્ર ચિ.પ્રતિકના શુભલગ્ન ખોખરનેશ નિવાસી રાજેશભાઈ જશવંતરાય જાની તથા ઉર્વશીબેન રાજેશભાઈ જાનીની સુપુત્રી ચિ.સાક્ષી સાથે તારીખ ૨૧-૨-૨૫ના રોજ થયેલ છે.

★ સોજીત્રા નિવાસી શ્રી વિપુલભાઈ રઘુનાથ વ્યાસ અને અ.સૌ. કામીનીબેનના સુપુત્ર ચિ. મંગલેશના શુભ લગ્ન ચિ. દિક્ષા (સુપુત્રી શ્રી જયેશભાઈ પટેલ અને અ. સૌ. દીપિકાબેન) સાથે તા. ૨૧-૧-૨૫ના રોજ થયેલ છે.


★ મૂળ દેવા હાલ વસોના શ્રી સંજીવકુમાર રજનીકાંત જોષી અને અ.સૌ. માલતીબેન (જાનકીબેન) ના સુપુત્ર ચિ. મહેશ્વર ના શુભ લગ્ન ચિ. પલ્લવી (સુપુત્રી શ્રી અજયભાઈ ત્રિવેદી અને અ.સૌ. દીપ્તીબેન, રાણાવાવ) સાથે તા. ૨૬-૧-૨૫ના રોજ સંપન્ન થયેલ છે.

NRM
SYNERGY
*We Make Things Possible*



Student Visa/PR
DHAVAL JOSHI
(Visa Expert)
+91 9725676019

Reach us to Reach Abroad



# કુર્યાત સદા મંગલમ્



શ્રી રંગ અવધૂત મહારાજ ની અસીમ કૃપાથી
મૂળ ઘોડાસર હાલ USA નિવાસી
શ્રી ગુણવંતરાય ફૂલશંકર મહેતા ના પૌત્ર તથા
અ.સૌ. ચારુલ તથા નરેન્દ્ર મહેતા ના
સુપુત્ર ચિ. ડૉ. નિવ (USA) ના શુભ લગ્ન
અમૃતસર નિવાસી શ્રીમતી ડો. સુનિલાજી તથા દયાલ કૃષ્ણ શર્મા ની સુપુત્રી
ચિ. ડૉ. આકાંક્ષા (USA) સાથે તા. ૦૪-૦૨-૨૫ ના રોજ સંપન્ન થયેલ છે.
નવ દંપત્તિ ને ખૂબ ખૂબ આશીર્વાદ સહ અભિનંદન.

## શ્રી અમદાવાદ વા.બ્રા.યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર) દ્વારા આયોજિત સામાન્ય સભાનો અહેવાલ

શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૦૨૭ માટે નવા કારોબારી સભ્યોની તથા હોદ્દેદારોની વરણી માટે સામાન્ય સભાનું આયોજન તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણા ખાતે કરવામાં આવેલ. વર્ષ ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ ના વાર્ષિક હિસાબોને સામાન્ય સભા દ્વારા બહાલી આપવામાં આવી તથા વર્ષ ૨૦૨૫-૨૭ માટે નવા કારોબારી સભ્યોની નિમણૂક કરી નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ.

પ્રમુખ : શ્રી અશ્વિનભાઈ નાથાલાલ જોશી, ઉપપ્રમુખ : શ્રી કૌશિકભાઈ બાલમુકુંદ અધ્વર્યુ,

મંત્રી : શ્રી કીર્તન રાજેન્દ્ર દીક્ષિત, સહમંત્રી : શ્રી વિનયભાઈ દશરથલાલ દીક્ષિત,

કોષાધ્યક્ષ(ખજાનચી) : શ્રી દિવ્યાંગભાઈ સુરેન્દ્રભાઈ મહેતા, સંગઠન મંત્રી : શ્રી ઉમેશભાઈ અનંતરાય અધ્વર્યુ

હિસાબનીશ( સહ ખજાનચી) : શ્રી વિરેન્દ્રભાઈ ગિરીશચંદ્ર આચાર્ય.



નવ નિયુક્ત સર્વે હોદ્દેદારો ને ખૂબ ખૂબ શુભેચ્છા. નિવૃત્ત થયેલ પ્રમુખશ્રી જયેન્દ્રભાઈ રામચંદ્ર આચાર્ય તથા મંત્રીશ્રી પ્રમોદભાઈ નર્મદાશંકર આચાર્યએ ૨૦૧૦માં મંડળના રજીસ્ટ્રેશનની કામગીરીથી લઈને આજદિન સુધી મંડળને પ્રવૃત્તિઓથી ધમધમતું રાખ્યું છે. નાનામાં નાનું કામ કરવામાં કદી શરમ રાખ્યા વગર જ્ઞાતિની ખરા અર્થમાં સેવા કરી છે. આ બંનેની જોડી દ્વારા ૧૫ વર્ષ સુધીની મંડળની અવિરત સેવા બદલ અભિનંદન. ઈશ્વર આપ બંનેનું સ્વાસ્થ્ય સારું રાખે તથા નવનિયુક્ત કારોબારી સભ્યો તથા હોદ્દેદારોના આપ સદાય માર્ગદર્શક બનો તેવી વિનંતી સાથે પુનઃ અભિનંદન.

## શ્રી ઝાલાવાડ વાલમ બ્રાહ્મણ પ્રગતિ મંડળનો અહેવાલ

તારીખ ૧૬/૦૨/૨૦૨૫ના રોજ મુળી મુકામે ભટ્ટ કુટુંબ આયોજિત નવચંડીની પૂર્ણાહુતિ બાદ શ્રી ઝાલાવાડ વાલમ બ્રાહ્મણ પ્રગતિ મંડળનું સ્નેહમિલન તેમજ સામાન્ય સભા માતાજીની કૃપાથી ખૂબ જ સુંદર રહી તેમાં ઝાલાવાડ વિભાગના પરિવારોએ હાજરી આપી અને સફળ બનાવેલ છે. સદર સામાન્ય સભામાં સભાના પ્રમુખ તરીકે શ્રી ભાનુશંકર જે. ભટ્ટની નિમણૂક કરવામાં આવેલ. ત્યારબાદ એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી સહમંત્રી અને કારોબારીના સભ્યોની નિમણૂક કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

પ્રમુખ - ભટ્ટ વિજય જગદીશચંદ્ર, ઉપપ્રમુખ - ભટ્ટ વિપુલ ભાનુશંકર,
મંત્રી - શ્રી ભરતભાઈ વ્રજલાલ ભટ્ટ સહમંત્રી- જોશી મયુરભાઈ નરભેરામ,
ખજાનચી - ભટ્ટ વિજય જગદીશચંદ્ર ઓડિટર, સલાહકાર - ભટ્ટ હિતેશ ગજાનનભાઈ
કારોબારી સભ્ય : મૌલિક વિમલભાઈ ભટ્ટ, રમેશ મહીપતભાઈ મહેતા, રાકેશ મનોજરાય જોશી, અમનભાઈ પ્રભાશંકર જોશી, હેમાંગ હરેશભાઈ ભટ્ટ, કિરીટભાઈ લાભશંકર જોશી

ત્યારબાદ સર્વે માં ડોહલી માતાજી ના દર્શન કરી અને ભોજન પ્રસાદ લઈ છુટા પડેલ.

## આપણી જ્ઞાતિના ગૌરવ સમાન જ્ઞાતિરત્નશ્રી ડો. ઉત્પલ શશીકાંત જોષી, કુલપતિશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો જાહેર સન્માન સમારંભ

આપણી જ્ઞાતિના ગૌરવ **ડૉ. ઉત્પલ જોષી**ના જાહેર સન્માન સમારંભનું આયોજન વાલમ બ્રાહ્મણ મહામંડળ દ્વારા શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ(ધંધુકા ક્ષેત્ર)ના આમંત્રણથી તા. ૦૯/૦૨/૨૦૨૫ રવિવારના રોજ મધુલતા સાંસ્કૃતિક હોલ,વાસણા,અમદાવાદ ખાતે કરવામાં આવેલ.

ઘણી બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોની હાજરીમાં સહ પરિવાર ઉપસ્થિત ડૉ. ઉત્પલભાઈનું તાળીઓના ગડગડાટ સાથે સ્વાગત કરવામાં આવ્યું. મહામંડળના પ્રમુખશ્રી રશ્મિકાંત કૃષ્ણકાંત આચાર્ય તથા યુવક મંડળ ના પ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ રામચંદ્ર આચાર્યએ ડૉ.ઉત્પલભાઈ જોષી સાથે મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યું. ત્યાર બાદ તંત્રીશ્રી કીર્તન દીક્ષિત દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું તથા મહામંડળ તેમજ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના ઈતિહાસને ટાંકીને આપણા પૂર્વજો વાલભી વિદ્યાપીઠમાં પૂર્વથી અધ્યાપન સાથે સંકળાયેલ હતા. તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરતા આજે પ્રથમ વખત આપણી જ્ઞાતિમાંથી વર્તમાન સમયમાં યુનિવર્સિટીના કુલપતિ પદે ડૉ. ઉત્પલભાઈની વરણી તે ગૌરવ અપાવનારી ક્ષણ ગણાવી હતી.

પ્રમુખ શ્રી રશ્મિકાંતભાઈએ મહામંડળ તરફથી શાલ, પુષ્પગુચ્છ તથા મોમેન્ટો અર્પણ કરી શ્રી ઉત્પલભાઈનું સન્માન કરેલ. ઉપપ્રમુખ શ્રી જયપ્રકાશભાઈ શુક્લએ ડૉ.ઉત્પલભાઈની કારકિર્દી તથા ઉપલબ્ધિઓની વિગતવાર માહિતી જ્ઞાતિજનોને આપી તેઓનું શાબ્દિક બહુમાન કરેલ. મહામંડળના સર્વે હોદ્દેદારો, ઉપપ્રમુખ શ્રી જયપ્રકાશભાઈ શુક્લ, મંત્રી શ્રી દિલીપભાઈ દીક્ષિત, તંત્રી શ્રી કીર્તન દીક્ષિત તથા ખજાનચી શ્રી ભરત ભટ્ટ દ્વારા ડૉ.ઉત્પલભાઈ ને પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવેલ.

જ્ઞાતિ ના વિવિધ ઘટક મંડળોમાં શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા પ્રમુખ શ્રી જયેન્દ્ર આચાર્ય, મંત્રી શ્રી પ્રમોદભાઈ આચાર્ય, ખજાનચી શ્રી અશ્વિન જોશી દ્વારા શાલ, મોમેન્ટો તથા પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવેલ. વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ ના પ્રમુખ શ્રીમતી માધવીબેન મનીષભાઈ દીક્ષિત,ચરોતર સેવામંડળના મંત્રી શ્રી જયપ્રકાશ શુક્લ, ચરોતર યુવક મંડળના પ્રમુખ શ્રીમતી પૃથા વિશાલ શુક્લ, ચરોતર વિદ્યોતેજક મંડળ તરફથી કૌશલ પુરોહિત, દશકોશી મંડળ તરફથી પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મહેતા, ચારજથ્થા પ્રગતિ મંડળ પ્રમુખ શ્રી શૈલેષભાઈ વ્યાસ તથા શ્રી સુરેશભાઈ ઠાકર તેમજ સોરઠ ક્ષેત્ર તરફથી ટ્રસ્ટી શ્રી ભાર્ગવભાઈ જનાર્દનભાઈ જોશી વગેરે હોદ્દેદારોએ પુષ્પગુચ્છથી શ્રી ડૉ. ઉત્પલભાઈ નું સન્માન કરેલ.

શ્રી ડૉ ઉત્પલ ભાઈ એ સંસ્કૃતના સુંદર સુભાષિતથી શરૂ કરી ને ખુબજ પ્રેરક ઉદબોધન કરી તેમની વિચક્ષણતા તેમજ નમ્રતાનો પરિચય કરાવેલ તેમજ તેમના સન્માન બદલ સર્વે વડીલોનો આભાર માનેલ.

આપણી જ્ઞાતિના ઈસરો ખાતે વૈજ્ઞાનિક તરીકે કાર્યરત **શ્રી ડો. રાજેશભાઈ ઉપાધ્યાય**નું તેમજ મંડળના ઓડિટર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ **શ્રી સરેમલભાઈ**નું પણ આ પ્રસંગે જાહેર સન્માન કરવામાં આવેલ. શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા સુંદર ભોજન વ્યવસ્થા કરવામાં આવેલ.આ પ્રસંગે ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો, ડૉ. ઉત્પલભાઈના પરિવારજનો તેમજ આયોજનમાં સહયોગ બદલ શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળનો મંત્રી શ્રી દિલીપભાઈ દીક્ષિત દ્વારા આભાર માનવામાં આવેલ.

## એક જ્ઞાતિ સેવકની વસમી વિદાય



વાલમ બ્રાહ્મણ મહામંડળના ભૂતપૂર્વ ટ્રસ્ટી તથા સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ,ગોંડલના પ્રમુખ શ્રી પ્રવિણચંદ્ર હરજીવનભાઈ પંડ્યાનું ગોંડલ ખાતે તા.૨૫/૦૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રવિણભાઈના અવસાનથી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિને એક નિડર, સ્પષ્ટવક્તા તથા સેવાભાવી જ્ઞાતિ સેવકની ખોટ પડી છે. સમગ્ર મહામંડળ તરફથી તેઓની અનન્ય સેવાપરાયણતાને વંદન સહ સાદર શ્રદ્ધાંજલિ.

## ગુજરાતી ભાષાના પ્રખ્યાત કવિ શ્રી અનિલ જોશીની વસમી વિદાય



આપણી જ્ઞાતિના મૂળ ગોંડલ તથા વર્ષોથી મુંબઈ ખાતે સ્થાયી થયેલા પ્રખ્યાત કવિ શ્રી અનિલ રમાનાથભાઈ જોશીનું મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયેલ છે."મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી મને પાનખરની બીક ના બતાવો" જેવી અમર રચના ગુજરાતી ભાષાને આપનાર કવિ શ્રી અનિલ જોશીનું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આગવું પ્રદાન રહ્યું છે. માં ભગવતી તેઓના આત્માને સાશ્વત શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના સાથે સાદર શ્રદ્ધાંજલિ.

### તાજેતરમાં અવસાન પામેલ નીચેના સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ

★ યુએસએ : રેખાબેન ભુપેન્દ્રભાઈ ગોર
★ વડોદરા : નરેન્દ્રભાઈ જયંતિલાલ જોષી
★ યુકે : દિનેશભાઈ ઈશ્વરલાલ પુરોહિત
★ મુંબઈ : રેખાબેન ગિરીશચંદ્ર જોષી
★ મહેસાણા : ભારતીબેન
★ ગોંડલ : મંજુલાબેન કિર્તીભાઈ વ્યાસ
★ મુળી : શંભુપ્રસાદ રાજારામ ભટ્ટ
★ અમદાવાદ : પદ્મનાભ કૃષ્ણકુમાર જોષી
★ ગોંડલ : વનિતાબેન જ્યોતિબાબુ પંડ્યા
★ ગોંડલ : પ્રવિણચંદ્ર હરજીવન પંડ્યા
★ મૂળી : છોટાલાલ પોપટલાલ ભટ્ટ

**જ્ઞાતિજનોને જણાવવાનું કે આપના અનુદાન મહામંડળના નીચેના એકાઉન્ટમાં સીધા જમા કરાવી શકો છો.**

A/c. Name : Shri Valam Brahman Mahamandal
Bank : Central Bank of India Branch : Vasna Br., Ahmedabad.
A/c. No. : 1059037810 IFSC Code : CBIN0281463

રકમ જમા કરાવ્યાની જાણ રકમના હેતુ સાથે ખજાનચીશ્રી ભરત ભટ્ટને મો. નંબર - 9510893585 ઉપર અનિવાર્ય રૂપે કરાવવા વિનંતી.

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

૫૦૦ રામભરોસે, કુળદેવી ભેટ, ૧૭૮૬૦

૧૦૧ વ્રજ નિલેશભાઈ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૭૮૬૧

૫૦૦ બાલકૃષ્ણ મણીશંકર ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૭૮૬૨

૭૦૦૧ કંદર્પ હર્ષદરાય આચાર્ય, ૧૭૮૬૩ ૫૦૦૧/- કુળદેવી ભેટ, વા.વ. સહાય, નિસર્ગ ઉપાધ્યાયની મેટર માટે ૨૦૦૦/- તિથીદાન, સ્વ. પોપટલાલ શિવશંકર ઉપાધ્યાય, મહા વદ ૩૦ (અમાસ), સ્વ. અંબાશંકર (બચુભાઈ) શિવશંકર ઉપાધ્યાય, પોષ સુદ ૯

૫૦૦ બિપીનચંદ્ર હરિભાઈ ગોર, લગ્ન વિષયક જાહેરાત, વા.વ. સહાય, ૧૭૮૬૪

૩૦૦૦ નિશાંત બાલમુકુંદ આચાર્ય, પટ્ટી જાહેરાત માટે વા.વ. સહાય, ૧૭૮૬૫

૧૦૦૦ મેહુલ જનાર્દન દીક્ષિત, તિથીદાન, સ્વ. જનાર્દન રવિશંકર દીક્ષિત, પોષ વદ ૧૧, ૧૭૮૬૬

૧૦૦૦ મેહુલ જનાર્દન દીક્ષિત, ૧૭૮૬૭, ૫૦૦/-કુળદેવી ભેટ, ૫૦૦/-કેળવણી ફંડ

૧૦૦૦ દિવ્યાંગ સુરેન્દ્રભાઈ મહેતા, તિથીદાન, સ્વ. પદ્માબેન સુરેન્દ્રભાઈ મહેતા, ચૈત્ર સુદ ૧૧, ૧૭૮૬૮

૨૦૧ વિનોદ ડાહ્યાલાલ આચાર્ય, અન્ય ફંડ, સ્વ. ઉમેશ ડાહ્યાલાલ આચાર્યની સરવણી પ્રસંગે, ૧૭૮૬૯

૧૦૦૦ જનક જયકૃષ્ણ અધ્વર્યુ, કેનેડા, તિથદાન, સ્વ. જયકૃષ્ણ હરગોવિંદદાસ અધ્વર્યુ, કારતક વદ ૧૧, ૧૭૮૭૦

૫૦૦ દક્ષેશ પંડ્યા, વા.વ. સહાય, ૧૭૮૭૧

૨૦૦૦ યોગેન્દ્રકુમાર વિશ્વનાથ અધ્વર્યુ, ૧૭૮૭૨, ૧૫૦૦/- સ્વ. હિરલ અર્કાંગ અધ્વર્યુની પ્રથમ પુણ્યતિથી પર શ્રદ્ધાંજલિનું પાનું, વા.વ. સહાય, ૫૦૦/- કેળવણી ફંડ

૩૫૦૧ પિનલ હરિકાન્ત પંડ્યા, ૧૭૮૭૩, ૫૦૧/- વા.વ. સહાય, વા.વ. માં મેટર માટે, ૩૦૦૦/- અખંડ દિવા માટે

૨૫૧ અલ્કેશભાઈ કનુભાઈ જોષી, વા.વ. સહાય, વા.વ.માં મેટર માટે, ૧૭૮૭૪

૧૦૦૦૦ કોકીલાબેન ઘનશ્યામભાઈ મહેતા, સ્વ. ઘનશ્યામભાઈ માણેકલાલ મહેતાના સ્મરણાર્થે, માર્ચ-૨૦૨૫ના વા.વ. અંકના સ્પોન્સર, ૧૭૮૭૫

૪૫૦૦ નરેન્દ્ર ગુણવંતરાય મહેતા, વા.વ. સહાય, ચિ.ડૉ. નિવ અને ચિ.ડૉ. આકાંક્ષાના લગ્નની મેટર ૧ પાનું વા.વ.માં છપાવવા, તથા લગ્નતિથી (૧) નરેન્દ્ર ગુણવંતરાય મહેતા-પારૂલ નરેન્દ્ર મહેતા, ૨૫/૧૧ (૨) મીત નરેન્દ્ર મહેતા, નિલમ મીત મહેતા - ૧૯/૦૨, ૧૭૮૭૬

૫૦૧ ઋષિ ઉદયભાઈ અધ્વર્યુ, કેનેડા, કુળદેવી ભેટ, ૧૭૮૭૭

૨૫૦ નિલેશભાઈ રવિશંકર મહેતા, વા.વ. સહાય, ચિ. પ્રતિકના લગ્ન પ્રસંગે વા.વ.માં મેટર માટે, ૧૭૮૭૮

૨૫૦ રાજેષ જશવંતરાય જાની, વા.વ. સહાય, ચિ. સાક્ષીના લગ્ન પ્રસંગે, ૧૭૮૭૯

૧૦૦૦ સતીષ બળવંતરાય દીક્ષિત, તિથીદાન, સ્વ. શારદાબેન બળવંતરાય દીક્ષિત - અષાઢ વદ ૫, ૧૭૮૮૦

૧૦૦૧ સરોજબેન ગોપાલકૃષ્ણ અધ્વર્યુ, તિથીદાન, સ્વ. ગોપાલકૃષ્ણ રામકૃષ્ણ અધ્વર્યુ, પોષ વદ ૧૪, ૧૭૮૮૧

## વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર આવેલ ભેટ તથા વસ્તુ ની યાદી

૩૨૯૦ પેન્શનર મિટીંગ, ૧૪૨૭
૧૦૦૦ સ્વ. નરહરીભાઈ ગોરધનભાઈ ભટ્ટ, શ્રાવણ વદ ૨, હસ્તે ભાવેશ ભટ્ટ, ૧૪૨૮
૫૦૦ કેશા તથા હર્ષિલ ભાવેશકુમાર ભટ્ટ, ૧૪૨૯
૫૦૦ જીતેન્દ્રકુમાર જે. અધ્વર્યુ, ૧૪૩૦
૨૦૦ યોગેશભાઈ પી. પાઠક, ૧૪૩૧
૧૦૦ દર્શ નિશાંત આચાર્ય, ૧૪૩૨
૧૦૦ વેદિકા અમિત આચાર્ય, ૧૪૩૩
૧૦૦ તનિષાબેન મિહીરભાઈ દીક્ષિત, ૧૪૩૪
૧૦૦ સૂર્યકાંત કે. ભટ્ટ, ૧૪૩૫
૧૦૦ વિજયભાઈ બી. જોષી, ૧૪૩૬
૨૦૦ પ્રિયાંક વિજયભાઈ આચાર્ય, ૧૪૩૭
૨૦૦ વિરેન્દ્ર જી. આચાર્ય, ૧૪૩૮
૨૦૦ સ્વ. કુસુમબેન દુર્ગાપ્રસાદ આચાર્ય, ૧૪૩૯
૨૦૦ રશ્મિકાંત કે. આચાર્ય, ૧૪૪૦
૧૦૦ જયેન્દ્ર આર. આચાર્ય, ૧૪૪૧
૧૦૦ ઉદય જગદીશભાઈ દીક્ષિત, ૧૪૪૨
૧૦૦ હર્ષદરાય પી. દીક્ષિત, ૧૪૪૩
૧૦૦ સતીષભાઈ બી. દીક્ષિત, ૧૪૪૪
૨૫૦ સ્વ. નર્મદાશકર નારણદેવ આચાર્ય, ૩૬મી પુણ્યતિથી નિમિત્તે ભેટ, હ. પ્રમોદભાઈ આચાર્ય, ૧૪૪૫
૫૦૦ સંધ્યા ઉમેશકુમાર દવે, સાડી પેટે ભેટ, ૧૪૪૬
૨૫૦ આશાબેન અતુલભાઈ વ્યાસ, ૧૪૪૭
૩૭૬૦ પ્રદ્યુમનસિંહ લઘુભા ચુડાસમા, ૧૪૪૮
૫૦૦ વિપુલભાઈ રઘુનાથભાઈ વ્યાસ, ચિ. મંગલેશ તથા દિક્ષાના લગ્નપ્રસંગે ભેટ, ૧૪૪૯
૫૦૦ વિપુલભાઈ રઘુનાથભાઈ વ્યાસ, ચિ. મંગલેશ તથા દિક્ષાના લગ્નપ્રસંગે ભેટ, ૧૪૫૦
૧૦૦૦ ભૂમિન ભરત ભટ્ટ, ૧૪૫૧
૫૦૦ ભાગ્યેશભાઈ જીજ્ઞેશભાઈ ભટ્ટ, ૧૪૫૨
૧૫૦ શૈલેષભાઈ ઘનશ્યામભાઈ ભટ્ટ, ૧૪૫૩
૧૫૦ હર્ષદકુમાર ઉપેન્દ્રભાઈ ભટ્ટ, ૧૪૫૪
૩૮૩૦ રસિકભાઈ મકવાણા, ૧૪૫૫
૧૦૦૦ પરમાનંદભાઈ ધનેશ્વર મહેતા, ૧૪૫૬
૧૦૦૦ પ્રમોદભાઈ મગનલાલ વ્યાસ
૧૦૦૦ હરિશંકર શંકરલાલ મહેતા, હ. હેતવી યશ વ્યાસ, ૧૪૫૮
૧૦૦૦ કિર્તીભાઈ ત્રિવેદી, હ. હેતવી યશ વ્યાસ, ૧૪૫૯
૫૦૦ નયનાબેન દિલીપભાઈ મહેતા, ૧૪૬૦
૫૦૦ વર્ષાબેન પ્રફુલભાઈ રાવલ, ૧૪૬૧
૧૦૦૦ મનિષભાઈ આચાર્ય, યુ.કે., ૧૪૬૨
૧૦૦ કિરીટભાઈ ઈન્દુપ્રસાદ દીક્ષિત, ૧૪૬૩
૨૫૦૦ યશ જનક અધ્વર્યુ, માતાજીના હવન નિમિત્તે ભેટ, ૧૪૬૪
૨૫૦૦ રૂદ્ર યશ અધ્વર્યુ, પ્રયાગરાજમાં બાબરી ઉતરાવતા ભેટ, ૧૪૬૫
૨૦૦ ભરત રમણીકલાલ ભટ્ટ, ૧૪૬૬
૫૦૦ નરેન્દ્ર ગુણવંતરાય મહેતા, ચિ. ડૉ. નિવ તથા આકાંક્ષાના લગ્નપ્રસંગે ભેટ, ૧૪૬૭
૨૫૦ જયેશભાઈ મહેતા, ૧૪૬૮
૨૦૦ કિરણ બાબુભાઈ આચાર્ય, ૧૪૬૯
૫૦૦ હિરેનભાઈ એન. અધ્વર્યુ, ચિ. સ્તુતિના લગ્નપ્રસંગે માતાજીના ચરણોમાં ભેટ, ૧૪૭૦
૧૦૦ રાજેન્દ્રભાઈ આર. શુક્લ, ૧૪૭૧

| | |
|---|---|
| ૨૦૦ | સ્વ. ઉમેશભાઈ ડાયાભાઈ આચાર્ય, સરવણી નિમિત્તે કુળદેવીમાં ભેટ, ૧૪૭૨ |
| ૧૦૦ | તનિષા મિહીરભાઈ દીક્ષિત, ૧૪૭૩ |
| ૨૦૦ | જાગ્રત ઉર્મિલકુમાર આચાર્ય, ૧૪૭૪ |
| ૨૦૦ | શિવાંગ યોગેશભાઈ પાઠક, ૧૪૭૫ |
| ૨૦૦૦ | મુકેશભાઈ પરમાર, ૧૪૭૬ |

**વસ્તુ/સાડીની ભેટ**

| | |
|---|---|
| સાડી નં. ૧ | વર્ષાબેન પંકજકુમાર પાઠક, જામનગર, ૪૮૯૦ |
| સાડી નં. ૧ | દર્શનાબેન નૈલેશકુમાર વ્યાસ, લંડન, ૪૮૯૧ |

**સુધારો**

ગત અંકમાં પહોંચ નં. ૧૭૮૫૪ માં સંજય મિહીરભાઈ મહેતાના સ્થાને સેજલ મિહીરભાઈ મહેતા વાંચવું.



**૬૫મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ...**

**શ્રી નિલેશચંદ્ર જયંતિલાલ શુક્લ - જન્મ તા. ૯-૩-૧૯૬૧**

આજના જન્મ દિવસે આપને આનંદી મન મુબારક !!!
ખૂટે નહીં તેટલું ધન મુબારક !!!
તંદુરસ્તી ભર્યું તન મુબારક !!!
આપને જન્મ દિવસ મુબારક !!!

**શુભેચ્છક**

ભાવના શુક્લ  મૌલિન શુક્લ  નિધી પ્રતિક પુરોહિત  કૃપા હર્ષ જોષી
તથા સમગ્ર શુક્લ પરિવાર (નડિયાદ)

## વાલમ વર્તમાનમાં મેટરના દર

| | | | |
|---|---|---|---|
| શ્રધ્ધાંજલિ (૧/૨ પાનું) | રૂા. ૭૫૦/- | અન્ય મેટર ૧ પાનાના | રૂા. ૨૦૦૦/- |
| શ્રધ્ધાંજલિ (૧ પાનું) | રૂા. ૧૫૦૦/- | (વધુમાં વધુ બે પાનાની મર્યાદામાં) | |
| અન્ય મેટર (૧/૮ પાનું) | રૂા. ૩૦૦/- | પટ્ટી જાહેરાત - ૧૨ અંકના | રૂા. ૩૦૦૦/- |

મધુવન ફાર્મ પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે
વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187484

કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479

કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ

SAI FINANCIAL SERVICES
SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.
SHREE SAIRAM INVESTMART PVT. LTD.
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877


## તિથિદાન

**ફાગણ સુદ ૧૪ થી ચૈત્ર સુદ ૧૩ (તા. ૧૧-૦૩-૨૦૨૫ થી ૧૦-૦૪-૨૦૨૫) સુધી**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

ફાગણ સુદ ૧૫
ઉમીયાશંકર ચીમનલાલ પંડ્યા
સવિતાબેન રામકૃષ્ણ અધ્વર્યુ
તરૂણાબેન ભાર્ગવભાઈ આચાર્ય
માલતીબેન મનવંતરાય ઉપાધ્યાય
યદુકાન્ત રણછોડભાઈ શુક્લ
હિરલ અર્કાંગ અધ્વર્યુ

ફાગણ વદ ૧ (ધુળેટી)
ભગવતીબેન ઠાકોરભાઈ વ્યાસ
પ્રવિણચંદ્ર જેશંકર વ્યાસ
કિશોરચંદ્ર રવિશંકર પંડ્યા
રઘુનાથભાઈ મણીલાલ વ્યાસ
રમેશભાઈ ભોળાશંકર વ્યાસ

ફાગણ વદ ૨
હિરાલક્ષ્મી પોપટલાલ આચાર્ય
પ્રભાવતીબેન ચંદ્રકાંતભાઈ ભટ્ટ
રમણભાઈ ગીરજાશંકર ભટ્ટ
ભોળાશંકર પ્રેમજીભાઈ વ્યાસ

ફાગણ વદ ૩
કૃષ્ણકાંત રામચંદ્ર ભટ્ટ
રતિલાલ માણેકલાલ પંડ્યા
બળવંતરાય અમૃતલાલ ઉપાધ્યાય
સરલાબેન ડાહ્યાલાલ ભટ્ટ

ફાગણ વદ ૪
ત્રિપુરાશંકર એસ. આચાર્ય
વિશ્વનાથ ગીરજાશંકર અધ્વર્યુ
દિપકકુમાર જટાશંકર અધ્વર્યુ
કનકરાય ટી. ઉપાધ્યાય

ફાગણ વદ ૫
અંબારામ દેવરામ ભટ્ટ
જયંતકુમાર જે. પુરોહિત
જશવંતીબેન ચંદ્રવદન પંડ્યા

ફાગણ વદ ૬
મધુસુદન હરગોવિંદદાસ ભટ્ટ
ભાસ્કરભાઈ કૃષ્ણારામ વ્યાસ
લાલશંકર નર્મદાશંકર આચાર્ય

ફાગણ વદ ૭
તારાબા ભાનુશંકર અધ્વર્યુ
સવિતાબેન શાંતિલાલ ગોર

ફાગણ વદ ૮
કિશોરચંદ્ર બળવંતરાય અધ્વર્યુ
રામચંદ્ર અંબાલાલ પંડ્યા

ફાગણ વદ ૧૦
ઘનશ્યામભાઈ ઈશ્વરલાલ ગોર

ફાગણ વદ ૧૧
નર્મદાબેન બાલકૃષ્ણ પંડિત

ફાગણ વદ ૧૨
ચંપાબેન કાળીદાસ મહેતા
મહેશ મધુસુદન મહેતા
ગીરીશચંદ્ર ત્રિભોવનદાસ પુરોહિત

ફાગણ વદ ૧૩
પ્રવિણચંદ્ર જેશંકર વ્યાસ
દિવ્યાબેન ઋષિકેશ ઉપાધ્યાય
ચૈતન્યબાળા ભીખુભાઈ પુરોહિત

ફાગણ વદ ૧૪
પુરુષોત્તમ જીવરામ જોષી
મૃદુલાબેન મુકુંદલાલ દિક્ષીત

ફાગણ વદ ૩૦ (અમાસ)
ગુણવંતીબેન પ્રતાપરાય ઉપાધ્યાય
હસુમતીબેન કૃષ્ણકાંત ભટ્ટ

ચૈત્ર સુદ ૧
રવિશંકર ભોળાશંકર આચાર્ય
જશભાઈ ચુનીલાલ શુકલ
દિનકરરાય જટાશંકર ભટ્ટ
વિદ્યાબેન દશરથલાલ દિક્ષીત
દિપકલાલ ઈશ્વરલાલ જોષી

ચૈત્ર સુદ ૨
નર્મદાશંકર શીવશંકર દિક્ષીત
ચંદ્રભાગાબેન ગોરધનભાઈ વ્યાસ
કાંતાબેન ડાહ્યાલાલ મહેતા
ગજેન્દ્રભાઈ ગીરજાશંકર અધ્વર્યુ
કનૈયાલાલ હરગોવિંદદાસ જોષી

ચૈત્ર સુદ ૩
વિજયાબેન મોહનલાલ વ્યાસ
ગુણવંતરાય દલપતરામ પાણેરી

ચૈત્ર સુદ ૪
નાથાલાલ મોહનલાલ જોષી
ભરતકુમાર શરદચંદ્ર પંડ્યા
મુકુંદલાલ નટવરલાલ દિક્ષીત

ચૈત્ર સુદ ૫
સરસ્વતીબેન જયંતિલાલ પાઠક
પ્રવિણભાઈ પ્રાણશંકર પાઠક
સૌરભભાઈ ચંદ્રકાંતભાઈ ભટ્ટ
પ્રાણશંકર ગીરજાશંકર અધ્વર્યુ
નંદકિશોર મણીલાલ ભટ્ટ

ચૈત્ર સુદ ૬
ગૌરીશંકર ભાઈલાલભાઈ વ્યાસ
જયશ્રીબેન દિલીપભાઈ પાઠક
શારદાબેન મુકુંદભાઈ ભટ્ટ
ભક્તિબેન પુરૂષોત્તમભાઈ ભટ્ટ
કૈલાશબેન ચંદ્રકાંત પુરોહિત

ચૈત્ર સુદ ૭
ભુરાશંકર ભવાનીશંકર મહેતા

ધનવંતરાય શિવશંકર મહેતા
<u>ચૈત્ર સુદ ૮</u>
પંખુબા મણીશંકર ભટ્ટ
સમજુબા હરગોવિંદદાસ દિક્ષીત
સૂર્યકાંત દુર્ગાશંકર શાસ્ત્રી
રેવાબેન પૂજાલાલ પુરાણી
રૂક્ષ્મણીબેન અંબાશંકર આચાર્ય
હરીશભાઈ ભાનુપ્રસાદ આચાર્ય
કાંતાબેન રમણલાલ પુરોહિત
<u>ચૈત્ર સુદ ૯</u>
પ્રમોદરાય શીવશંકર આચાર્ય
હરિપ્રસાદ પંડ્યા
અંબાલાલ પૂંજાલાલ પંડ્યા
જશુબેન નવનીતલાલ વ્યાસ
દિવ્યાંગભાઈ ભરતભાઈ પાઠક
ગીરજાશંકર જગજીવનદાસ દિક્ષીત
<u>ચૈત્ર સુદ ૧૦</u>
જેશંકર વિશ્વનાથ પંડ્યા
જયંતિલાલ ભોગીલાલ મહેતા
<u>ચૈત્ર સુદ ૧૧</u>
હર્ષુતાબેન દેવપ્રસાદ અધ્વર્યુ
અરૂણકુમાર મૂળશંકર આચાર્ય
નિમીષા મહેશભાઈ દીક્ષિત
<u>ચૈત્ર સુદ ૧૨</u>
રમણીક્લાલ રતિશંકર ભટ્ટ
હિંમતલાલ ભાઈલાલભાઈ પંડ્યા
જયશ્રીબેન વિપુલભાઈ વ્યાસ
મનીષકુમાર ભરતભાઈ મહેતા
<u>ચૈત્ર સુદ ૧૩</u>
શારદાબેન જનાર્દન ભટ્ટ
જયંતિલાલ ગણપતરામ પુરોહિત
મંજુલાબેન રવિશંકર મહેતા
ગિરિશચંદ્ર રામકૃષ્ણ અધ્વર્યુ
<u>ચૈત્ર સુદ ૧૪</u>
કુલદીપભાઈ મહેન્દ્રભાઈ ઠાકર
જસુમતીબેન વૃજલાલ વ્યાસ

<u>જન્મદિવસ શુભેચ્છા</u>
૧૧/૦૩ - હિનાબેન જીજ્ઞેશ દીક્ષિત
૨૬/૦૩-અદિતી ઋષિરાજ દીક્ષિત
ફાગણ વદ ૧૨-મેઘના બિજલકુમાર પુરોહિત
ચૈત્ર સુદ ૭-રાજેશ ભાઈલાલ ગોર
ચૈત્ર સુદ ૮ - હિમાલી કંદર્પ વ્યાસ
- કિર્તન રાજેન્દ્રભાઈ દીક્ષિત
ચૈત્ર સુદ ૯
- હિતેશ્વરીબેન અશ્વિનભાઈ ભટ્ટ
- હરસિદ્ધિ જયદીપભાઈ દેસાઈ
ચૈત્ર સુદ ૧૦-પ્રિતી જીગર વ્યાસ

<u>જન્મજયંતિ</u>
૩૦/૦૩- સ્વ. ચંદ્રકાંત નર્મદાશંકર આચાર્ય
ચૈત્ર સુદ ૧૦- સ્વ. શારદાબેન ઉમિયાશંકર મહેતા

**: ખાસ નોંધ :** તિથિમાં સુધારા વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી વિરેન્દ્ર આચાર્યનો વોટ્સએપ નં. 9979890059 પર સંપર્ક કરવા વિનંતી.

## વાલમ વર્તમાન સ્પોન્સરશીપ યોજના

**વાલમ વર્તમાનના એક અંકના પ્રાયોજક - સ્પોન્સરશીપ માટે
વાલમ વર્તમાન સહાય પેટે રૂા. ૧૦૦૦૦/- અનુદાન આપી
વાલમ વર્તમાનના સ્પોન્સરર બની શકાય છે.
સ્પોન્સરરને તેમની મેટર માટે એક પાનું ફ્રીમાં આપવામાં આવે છે.
સર્વે જ્ઞાતિજનોને આ યોજના અંતર્ગત
વાલમ વર્તમાન સ્પોન્સરશીપ માટે આગળ આવવા નમ્ર વિનંતી છે.**

**ડૉ. ધૈર્ય બી. ભટ્ટ (M) 7383245526**

**માતૃ ક્લિનીક**
૨૪, સહજ રેસીડેન્સી,
નિકોલ લેક ગાર્ડન પાસે,
નિકોલ, અમદાવાદ

**આરોગ્યમ્ હોસ્પિટલ**
મેડીકલ । સર્જીકલ । ઓર્થોપેડીક
બી-૬, શિવદર્શન સોસાયટી, મનમોહન ચાર રસ્તા પાસે, ઓઢવ-નિકોલ રોડ, ઓઢવ

**રુદ્રાય હોસ્પિટલ**
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક, દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે
નિકોલ-નરોડા રોડ, નિકોલ

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid up to 31-12-2026
Permitted to post at Ahmedabad PSO on 5th of every month



## વસો વાલમ બ્રાહ્મણ પંચ-શિવરાત્રી લઘુરૂદ્ર

વસો વાલમ બ્રાહ્મણ પંચના ઉપક્રમે દર વર્ષે શિવરાત્રીના દિવસે વસોના વાલમ બ્રાહ્મણો વસો વાલમ વાડીમાં વાલકેશ્વર મહાદેવના સાનિધ્યમાં લઘુરૂદ્ર કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૬-૨-૨૦૨૫, શિવરાત્રીના દિવસે વસો વાલમ વાડીમાં લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ફળાહાર પ્રસાદ લઈ સૌ હર હર મહાદેવના ગુંજારવ સાથે વિસર્જીત થયા હતા.



વસો વાલમ પંચના પ્રમુખ શ્રી દિગંતભાઈ વ્યાસ અને મંત્રી શ્રી મૌલિકભાઈ પુરોહિત તથા કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## વલભીપુર પૂનમ ગ્રુપ દ્વારા પુનિતેશ્વર મહાદેવ ખાતે શિવરાત્રી લઘુરૂદ્ર



અમદાવાદથી નિયમિત વલભીપુર મુકામે મા વાઘેશ્વરીના સાનિધ્યમાં પૂનમ ભરતા જ્ઞાતિજનો દ્વારા વલભીપુર કુળદેવી મંદિર ખાતે સ્થાપિત શ્રી પુનિતેશ્વર મહાદેવના અભિષેકાત્મક લઘુરૂદ્રનું આયોજન મહાશિવરાત્રીના પવિત્ર દિવસે કરવામાં આવેલ. શ્રદ્ધાપૂર્વક સૌ જ્ઞાતિજનો તેમાં જોડાયેલ તથા પૂજન-અર્ચન-અભિષેકનો લાભ પ્રાપ્ત કરેલ. મંદિર કમિટીના કન્વીનરશ્રી મહેશભાઈ દીક્ષિતે ભાવનગરથી પધારી ખૂબ સુંદર આયોજન કરેલ. મહામંડળના પ્રમુખ શ્રી રશ્મિકાંતભાઈ આચાર્ય તથા મહામંડળના હોદ્દેદારો તથા સક્રિય કાર્યકરો ઉપસ્થિત રહી પૂજનનો લાભ લીધેલ.





Printed and Published by **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA** on behalf of **VALAM BRAHMAN MAHA MANDAL**
and Printed at **First Icon Printers**, 413/8, Alka Shopping Centre, Shah-e-Alam Tolnaka, Ahmedabad-380028
and Published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad-380007.
Editor: **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA**

ખાસ નોંધ : મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી